ધનસુરા પાસે ગઢીમાતાજી શક્તિપીઠ મંદિરે આઠમે શ્રદ્ધાળુઓ ચાંદીના અને માટીના ગરબા અર્પણ કરવા આવે છે

દેશભરમાં નવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. ત્યારે આજે આઠમના રોજ અરવલ્લી જીલ્લાના ધનસુરા ખાતે આવેલા પ્રસિદ્ધ શક્તિપીઠ ગઢી માતાજીના મંદિરે ચાંદી અને માટીના ગરબા અર્પણ કરવામાં આવ્યા હતા. આ મંદિરે વર્ષીથી લોકો ગરબા ચડાવવા માટે જીલ્લાભરમાંથી આવે છે. અહી લોકો સંતાનપ્રાપ્તિ, અને લગ્નવિવાહ ના થતો હોય તો, અને પશુઓ દૂધ ના આપતા હોય તો અહી માનતા રાખે છે અહી રાખેલી માનતા અવશ્ય પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં જીલ્લા ભરમાંથી આવે છે. આજે આઠમના પવિત્ર દિવસે હજારો લોકો અહી માટીના અને ચાંદીના ગરબા અને માટીના ગરબા ચડાવવા માટે આવ્યા હતા. આઠમના દિવસે અહી હવનનું પણ આયોજન કરવામાં આવે છે. સાથે શ્રદ્ધાળુઓને માટે પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

ભાજપ દ્વારા ગુજરાત ગૌરવ યાત્રા યોજાશે

કરમસદથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની આગેવાનીમાં અને પોરબંદરથી પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં યાત્રાનો પ્રારંભ થશે

ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં મુખ્યત્વે બે યાત્રાઓ, ગુજરાત ગૌરવ યાત્રા (૧) મધ્ય અને ઉત્તર ગુજરાતમાં તથા ગુજરાત ગૌરવ યાત્રા (૨) સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં નીકળનાર છે. પ્રથમ યાત્રા તા. ૧ ઓક્ટોબરના રોજ ગુજરાતના સપૂત અને લોખંડીપુરૂષ એવા સરદાર પટેલના વતન કરમસદથી અને બીજી યાત્રા તા. ૨ ઓક્ટોબરના રોજ શ્રી મહાત્મા ગાંધીજીના વતન પોરબંદરથી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની પ્રેરક ઉપસ્થિતિમાં નીકળનાર છે. પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલ, પ્રદેશના આગેવાનશ્રીઓ, કેન્દ્રિય મંત્રીશ્રીઓ, કેન્દ્રના આગેવાનશ્રીઓ, રાજયના મંત્રીશ્રીઓ, કેન્દ્ર તેમજ પ્રદેશ સંગઠનના પદાધિકારીશ્રીઓ આ યાત્રાઓના પ્રસ્થાનમાં ઉપસ્થિત રહેશે. તા. ૧ થી ૧૫ ઓક્ટોબર સુધી આ બંને યાત્રાઓ સમગ્ર

ગુજરાતના તમામ જીલ્લાઓને આવરી લેશે. કેન્દ્ર તરફથી નીમાયેલ વિધાનસભા ચૂંટણી ઈન્ચાર્જશ્રી અરૂણ જેટલીજી સહિત ચારેય સહઈન્ચાર્જશ્રીઓ પણ સમયાંતરે આ યાત્રામાં ઉપસ્થિત રહેશે.

તા. ૦૧ લી ઓક્ટોબરે કરમસદથી પ્રારંભ થતી મધ્ય અને ઉત્તર ગુજરાતની "ગુજરાત ગૌરવ યાત્રા"-૧ નું નેતૃત્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલ તેમજ તા. ૦૨ જી ઓક્ટોબરે પોરબંદરથી પ્રારંભ થતી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી પસાર થનાર "ગુજરાત ગૌરવ યાત્રા"-૨ નું નેતૃત્વ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી કરશે. માન. મુખ્યમંત્રીશ્રી એકાંતરે દિવસે વારાફરતી બંને યાત્રામાં ઉપસ્થિત રહેશે. કેન્દ્રના મંત્રીશ્રીઓ તેમજ રાષ્ટ્રીય ભાજપા સંગઠનના વિવિધ પદાધિકારીશ્રીઓ આ યાત્રા દરમ્યાન જોડાશે.

ગુજરાત ગૌરવ યાત્રા રાજયના તમામ જીલ્લાઓને આવરી લેશે. બંને યાત્રામાં કુલ મળીને ૪૬૫૭ કિલોમીટરનો પ્રવાસ, ૧૩૮ જાહેરસભાઓ તેમજ ૧૮૫ જેટલી મોટી સ્વાગત સભાઓ યાત્રારૂટમાં આવરી લેવાશે.

ભાજપાના કાર્યકરોમાં ખુબ જ ઉત્સાહનું વાતાવરણ છે. જીલ્લા-તાલુકા સંગઠનો દ્વારા વિવિધતાસભર સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ યાત્રાને લઈને પ્રજામાં પણ એક અનેરા ઉત્સાહનું વાતાવરણ બન્યુ છે. વિવિધ વર્ગો દ્વારા પરંપરાગત વેશભૂષા લોકનૃત્ય થકી સાંસ્કૃતિક રીતે ઉમળકાભેર સ્વાગતની તૈયારીઓ સમગ્ર રાજ્યમાં થઈ રહી છે. પ્રદેશ ભાજપા તરફથી રૂટ-૧ના યાત્રાના ઈન્ચાર્જશ્રી પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયા અને રૂટ-૨ની યાત્રાના ઈન્ચાર્જ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઈ. કે. જાડેજા સમગ્ર યાત્રા દરમ્યાન યાત્રામાં સાથે રહેશે.

રાજ્યમાં ૨જી ઓક્ટોબરે "મુદ્રા પ્રોત્સાહન અભિયાન" યોજાશે

ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નિતીનભાઈ ગડકરી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૮

દેશમાં પ્રધાનમંત્રી મુદ્રા યોજના ૮મી એપ્રિલ'૨૦૧૫ના શરૂ કરાઈ હતી. આ યોજનાને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી શકાય, તેનો લાભ નાના ધંધા રોજગાર સાથે સંકળાયેલા લોકોને મળે તથા ઉદ્યોગ સાહસિકોને સરળતાથી લોન ઉપલબ્ધ થાય તે માટે જાગૃતિક પ્રયાસોના ભાગરૂપે રાજ્યમાં ૨જી ઓક્ટોબરના રોજ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે "મુદ્રા પ્રોત્સાહન અભિયાન" યોજાનાર છે.

આ કાર્યક્રમ અંગેની વિગતો આપવા આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં કેન્દ્રીય નાણાં સચિવ જી.સી. મુર્મુએ જણાવ્યું હતું કે, દેશમાં અનેક નાના ધંધાર્થિઓ નવા ધંધા કરવા ઉત્સુક છે તેમને માટે ધિરાણ પ્રોત્સાહન વધારવા કેન્દ્ર સરકારે અનેક પ્રયાસો કર્યા છે. આ ધંધાર્થિઓને બેન્કો, નાંણાંકીય સંસ્થાઓ દ્વારા સરળતાથી લોન મળે તેવા ધ્યેય સાથે આ કાર્યક્રમ યોજાનાર છે. સાથે રોજગારીનું મોટા પ્રમાણમાં સર્જન થાય તેવો પણ પ્રયાસ છે. મુર્મુએ દેશમાં ડિજિટલ ક્રાન્તિ, ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝન વગેરે અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, દેશમાં જનધન યોજના હેઠળ ૩૦ કરોડથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે. તેપૈકી ૨૨ કરોડ લોકોને રૂપે કાર્ડ અપાયા છે. દેશમાં મહત્તમ લોકોને આનો લાભ મળે તે માટે અનેક પ્રયાસો કરાયા છે. દેશમાં ૨ ઓક્ટોબર થી ૧૭ ઓક્ટોબર દરમ્યાન કુલ ૫૦ સ્થળોએ "મુદ્રા પ્રોત્સાહન અભિયાન" યોજાનાર છે અને તેમાં સ્ટેન્ડઅપ ઈન્ડિયા ઉપરાંત ડિજિટલ ક્રાન્તિ માટે લેવાયેલા પગલાની જાણકારી પણ અપાશે. સાથે સાથે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ, અટલ યોજના, આધાર લિંક અપ, નવા ખાતા ખોલવા અંગે જાણકારી પણ અપાશે. રાજ્યમાં ગાંધીનગર ઉપરાંત રાજકોટ ખાતે ૯મી ઓક્ટોબરે, જામનગર ખાતે ૧૪મી ઓક્ટોબર, સેલવાસ ખાતે ૧૦મી ઓક્ટોબરે તથા દમણ ખાતે ૭મી ઓક્ટોબરે "મુદ્રા પ્રોત્સાહન અભિયાન" યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસીસ, કેન્દ્રિય નાણાં મંત્રાલય અને સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી દ્વારા યોજાનાર "મુદ્રા પ્રોત્સાહન અભિયાન" કાર્યક્રમમાં, ઈન્સ્યુરન્સ કંપનીઓ, નાબાર્ડ, UIDAI, NABARD, NPCI, SIDBI નાણાંકીય સંસ્થાઓ દ્વારા સ્ટોલ્સ ઉભા કરાશે.

ડીસાના વેપારીનો આપઘાત

બનાસકાંઠાના વેપારી મથક ડીસા શહેરમાં બંદૂકની અણીએ આપઘાત કરવાની વધુ એક ચોંકાવનારી ઘટના બનતા ખળભળાટ મચી ગયો છે.આ સનસનીખેજ ઘટના બાદ તર્ક વિતર્કનો દૌર પણ શરૂ થઈ ગયો છે. આ ઘટનાની વિગતો કંઈક એવી છે કે ડીસા શહેરમાં આવેલી ગંગા વિહાર સોસાયટીમાં રહેતા રાજુભાઈ મહેશભાઈ સૈની નામના ઈસમે આજે સાંજના સુમારે જાતે જ ગળા નીચે બંદુકની ગોળી ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી.

રાજુભાઈ મહેશભાઈ સૈની ડીસાના નામાંકિત વ્યક્તિઓમાં સ્થાન ધરાવે છે. જોકે તેમણે આવુ પગલું કેમ ભર્યું તે અંગે કોઈ જ માહિતી બહાર આવી શકી નથી.. આજે સાંજે ચાર વાગ્યાની આસપાસ તેઓ તેમના ગંગા વિહાર સોસાયટીમાં આવેલા નિવાસ સ્થાને એકલા હતા તે દરમ્યાન તેમણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

પડતર માંગણીઓને લઈને પાલનપુર સિવિલના નર્સિંગ સ્ટાફે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો

પડતર માંગણીઓના મુદ્દે આખરે રાજ્યભરના નર્સિંગ સ્ટાફે પણ બાંયો ચડાવી છે. જેના ભાગરૂપે આજે પાલનપુર ખાતે સિવિલના નર્સિંગ સ્ટાફ દ્વારા આંદોલનની શરૂઆત કરતા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્યના નર્સિંગ સ્ટાફએ પોતાની પડતર માંગણીઓને લઈને આખરે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. જેમાં જોતરાતા પાલનપુર સિવિલના નર્સિંગ સ્ટાફએ પણ પોતાની માગણીઓના સમર્થનમાં ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ જતાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં પાલનપુર સિવિલમાં ફરજ બજાવતો ૭૧ જેટલો નર્સિંગ સ્ટાફ જોડાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

નર્સિંગ સ્ટાફ દ્વારા પોતાની માંગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં માસ સી.એલ.પર જવાની પણ ચીમકી ઉચ્ચારવામા આવી હતી.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા હુંજ ગામે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ

હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ગામોમા સરકાર દ્વારા અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા હુંજ ગામે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમા હુંજ પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ગામમા સ્વચ્છતા અને ગંદકી ના થાય અને ગામમા સ્વચ્છતા રહે તેવા પ્રયાસો કરવા જોઈએ અને આ માટે સરકાર દ્વારા અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા હુંજ ગામે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકો દ્વારા ગામમા ફરીને જનજાગૃતિ અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. અને ગ્રામ પંચાયતના મહિલા સદસ્ય રમિલાબેનના વોંડની રાવલ વણઝારા અને દરબાર વસાહતમા રસ્તાઓની સ્વચ્છતા કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. અને ફેરી ફરી લોકજાગૃતિ આવે તેવુ ગામમા પ્રા. શાળાના બાળકો રેલી યોજી હતી.

કંપની સમાચાર

ઈકોટ્રેઈલ પર્સનલ કેરે જીવીએફએલ પાસેથી ભંડોળ મેળવ્યું

જીવીએફએલ લિમિટેડે અમદાવાદ સ્થિત પર્સનલ કેરના પ્રોડક્ટ્સનું મેન્યુફેક્ચરિંગ કરતી કંપની ઈકોટ્રેઈલ પર્સનલ કેર પ્રાઈવેટ લિમિટેડમાં જીવીએફએલ સ્ટાર્ટ અપ ફંડમાંથી ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે. બે મહિલા ઉદ્યોગ સાહસિકો મિસ મૌલી તેલી (એમ.ડી.અને સીઈઓ) અને મિસ ગ્રીષ્મા તેલી (ડિરેક્ટર અને વાઈસ પ્રેસિડન્ટ-રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ)એ મળીને આ કંપનીની સ્થાપના કરી છે. ઈકોટ્રેઈલની શરૂઆત ૨૦૧૨માં થઈ હતી, તે ઈબા હલાલ કેર નામની પ્રખ્યાત બ્રાન્ડ ધરાવે છે.

ફોર્મ્યુલેશનની દૃષ્ટિએ વિચાર કરીએ તો ઈબા હલાલ કેરના પ્રોડક્ટ્સ ઈનોવેટિવ છે, તેમજ અન્ય સમકાલીન સૌંદર્ય પ્રસાધનોથી તદ્દન અલગ છે કે જેમાં આલ્કોહોલ, જિલેટિન અને અન્ય પ્રાણીજન્ય ચરબીનો ઉપયોગ થતો હોય છે. ઈબા હલાલ બ્રાન્ડ પ્રોડક્ટ્સ પર્સનલ કેર અને બ્યુટી કેર માટે ચહેરા, શરીર, વાળ, હોઠ, આંખની કાળજી લેતા પ્રોડક્ટ્સ અને ફ્રેગ્રન્સ (સુગંધ-અત્તર)ના ક્ષેત્રમાં જુદા જુદા પ્રોડક્ટ્સનો સમાવેશ કરે છે, તદઉપરાંત ભારતમાં હાલમાં પ્રમાણિત કરવામાં આવેલી એક માત્ર બ્રાન્ડ છે.

કંપની તેના પ્રોડક્ટ્સનું વેચાણ એક્સક્લુઝીવ સ્ટોર્સ, એસઆઈએસ સ્ટોર્સ અને ઓનલાઈન ચેનલના માધ્યમથી કરે છે. વૈશ્વિક સ્તરે સ્વિકૃત થયેલ હલાલની વિચારસણીથી તૈયાર થયેલી પ્રોડક્ટ્સ એક્સપોર્ટ બજારની સૌંદર્ય પ્રસાધનો માટેની જરૂરિયાતોને પણ સંતોષે છે. હાલમાં કંપનીના એક્સક્લુઝીવ સ્ટોર્સ અને રીટેલ સ્ટોર્સ સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી અને તેલંગાણા સુધી મોજૂદ છે, તદુપરાંત એમેઝોન, નાયકા, સ્નેપડીલ અને ફ્લિપકાર્ટ જેવા અગ્રણી ઓનલાઈન પોર્ટલ પર પણ કંપનીના પ્રોજેક્ટસ ઉપલબ્ધ છે. તેની મદદથી સમગ્ર દેશમાં તેમણે તેમના જ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરતાં વફાદાર કસ્ટમર્સનો એક વર્ગ ઉભો કરવામાં સફળતા મેળવી છે.

ખેડબ્રહ્માના માતાજી મંદિર પાસેથી જીપ ચોરાઈ

ખેડબ્રહમા મહાકાળી મંદિર સામે રહેતા વૈષ્ણવ મયંકકુમાર હરિપ્રસાદ જીપ ગાડી ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. ગત ૨૭ની રાતે તેમની ફોર્સ ક્રુઝર-જીજે૯. બીઈ.૨૧૬૦ મહાકાળી મંદિર પાસે પાર્ક કરી ઘરે જઈ સુઈ ગયા હતા. સવારે તેમના પિતા હરિભાઈએ કહ્યું કે ગાડી ઘરે કેમ નથી લાવ્યો. જેથી મયંકભાઈએ જઈ જોતા પાર્ક કરેલ જગાએ ગાડી ન હતી. જેથી આજુબાજુ તપાસ કરતા ગાડી આવેલ નહીં જેથી મયંકભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસસ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"બસ સાહેબ..! આ જ અનુભુતિ એટલે જીવનપથ પર પથરાતો આશિર્વાદનો અજવાશ..!! આજ અનુભુતિ એટલે વિચારનું વિશ્વાસમાં રૂપાંતરણ અને આ જ અનુભુતિ એટલે ભયમાંથી અભયના આવરણ સાથેની જીવનગતિ... આજ પ્રાર્થના, આજ પુરૂષાર્થ..!! અને આજ પ્રસાદ..!!"

"હું તો આમાં એટલું જ સમજુ કે, માતાજી એવી શક્તિ આપે કે મા તારી સમક્ષ હાથ જોડ્યા પછી કોઈની સમક્ષ હાથ જોડવા ના પડે..!!"

- નિમિત્ત માત્ર

તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

જાણી જોઈને અજ્ઞાનતા બતાવે છે. વાઈરલ ઈન્ફેકશન જે વાતાવરણમાં ફેરફાર થવાથી થાય છે. જેને દુનિયાના કોઈપણ દેશો કંટ્રોલ કરી શક્યા નથી. તો એમાં શું કરવાનું થાય ? તો આ પ્રકારના વાઈરસને નાથવા માટે તમારા શરીરની ઈન્મ્યુલ સિસ્ટમ બરાબર બનાવવી જોઈએ. ઈન્મ્યુનલ સિસ્ટમ એટલે રોગપ્રતિકારક શક્તિ શક્તિશાળી હોવી જોઈએ અને એના માટે પ્રોટીનવાળો ખોરાક તેલ, તીખું, તળેલું બંધ, સુગર ઓછી, મીઠું ઓછું અને રેગ્યુલર કસરત કરવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ મજબુત કરી શકશો. અને જો કદાચ તમને વાઈરલ ઈન્ફેકશન લાગે તો પણ તમે તમારી જાતને સરળતાથી બહાર કાઢી શકશો. હવે વાત રહી મચ્છરોથી થતાં રોગની. જેમાં આપણા જ હાથમાં છે કે મચ્છરો જ્યાં જ્યાં થતાં હોય એવી જગ્યાઓનો નાશ કરવો. ખાસ કરીને તમારામાં ઘરમાં રહેલા ફ્રીજમાં જે મચ્છરો પેદા થાય છે ત્યાં કોઈ સાફ કરતું નથી અને તેને લીધે બહુ પ્રશ્ન છે. તમારી પાણીની ટાંકી, આજુબાજુ ભરાતા પાણી વગેરેમાં તો લોકો ધ્યાન આપીને સાફ કરે છે પણ ફ્રીજ, એસી અને સૌથી ખરાબ વોટરકુલર, એરકુલર વગેરેમાં કોઈ ધ્યાન આપતું નથી અને તેના લીધે જ લોકો મચ્છરોને જન્મ આપે છે અને રોગના શિકાર બને છે. મા ની નવરાત્રી આમ તો પોતામાં રહેલા ખરાબ ગુણોને, ખરાબ વિચારોને અને માતાજીની આરાધના કરવાની વાત છે. આપણે બધા સાથે મળી સંકલ્પ લઈએ કે માતાજીની ભક્તિ, શક્તિથી કરીએ અને નાના - નાના શેરી ગરબા જે આજકાલ ભૂલાતા જાય છે તેને જીવંત કરીએ. જય માતાજી....

છતી કરે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે પણ ચૂંટણી ટાણે પાણી રસ્તા આપશુ તેવી વાતો કરી વોટબેન્કની રાજનીતિ કરવાનો પ્રયાસ કરે છે. અમે વિપક્ષો વિકાસની રાજનીતિ કરે તેવું ઈચ્છી રહ્યા છીએ.

વિકાસની રાજનીતિની વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી અને આજે દેશ નહિ પણ વિશ્વમાં તેની વાતો થાય છે. વિકાસ એ સકારાત્મક રાજનીતિને ઉજાગર કરે છે અને એટલે જ વિકાસનો મુદ્દો એ અમારો ચૂંટણીનો એજન્ડા છે અને રહેશે.

રાજ્ય સરકારની એક-એક ક્ષણ ગુજરાત માટે છેલ્લા એક વર્ષમાં તેમની સરકારે ખર્ચી છે. અમે ૨૬૦થી વધુ નિર્ણયો લીધા છે તેના પરિપ્રેક્ષ્યમાં કલાકો સુધી મંથન કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે પંચશક્તિના માધ્યમથી ગુજરાતનો સર્વાંગી વિકાસ અમે કરી શક્યા છીએ અને એટલે જ દેશમાં બચેલી ગણી ગાંઠી કોંગી શાસિત સરકારોના વિસ્તારમાં જઈ વિકાસને લઈ ખુલ્લા મંચ પર જાહેરમાં ચર્ચા કરવાની અમારી તૈયારી છે.

ગટરની સમસ્યાને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં પણ છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા પેચીદી બની હતી. જેને ધ્યાને લઈ જી આઈ ડી સી ની લાઈનને ગ માર્ગ થી સે-૨૪ ચોકડી સુધી જોડવાનુ કામ હાથ ધરાયુ છે. હાલ સે-૨૪ ચોકડી પાસે ગટર લાઈનના જોડાણનુ કામ ચાલી રહયુ છે. જેને લીધે માર્ગ પણ વનવે કરી દેવાયો છે. સે-૨૪ ચોકડી થી ઘ-૬ તરફ જવાનો માર્ગ વન વે થતા હાલ આ વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહયા છે. જો કે જી આઈ ડી સીની ગટર લાઈન લાંબા સમયથી સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની હતી. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા ત્વરિત અસરથી કામ હાથ ધરવામાં આવ્યુ છે. હજુ અઠવાડીયા સુધી આ કામગીરી ચાલશે. જયારે માર્ગ પર ટ્રાફિકની અવરજવર પણ આ વિસ્તાર પુરતી વન વે રહેશે. પરંતુ આ વિસ્તારની ગટર લાઈનની સમસ્યા હલ થઈ જશે.

ઠપ્પ થઈ જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુત્રોમાંથી મળતી માહીતી મુજબ સારથી ફોર સોફટવેર અંતર્ગત પ્રકીયા હાથ ધરવામાં આવનાર હોવાના લીધે આર ટી ઓ કચેરીમાં લાયસન્સ રીન્યુઅલ તેમજ લાયસન્સ મેળવવા સહીતની સઘળી કામગીરી બંધ રહેશે જયારે વાહનચાલકો માટેનો ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ રહેશે. આર ટી ઓ કચેરીમાં તા ૩ અને ૪ ઓકટોબરના રોજ આર ટી ઓ કચેરીમાં આ સઘળી કામગીરી બંધ રહેશે.

સોનિયાથી નારાજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાતચીત કરી હતી તેમના નામ જાહેર કરવામાં આવી રહ્યા નથી. પ્રદેશ અધ્યક્ષ પદેથી પોતાની એકાએક વિદાયથી નારાજ થયેલા ચોધરીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે તેમની આ રીતે હકાલપટ્ટી કરી દેવામાં આવશે તે બાબતની કલ્પના ન હતી. તેમણે કહ્યુ હતુ કે પાર્ટી નેતૃત્વનુ તેઓ સ્વાગત કરે છે પરંતુ જે રીતે તેમને અપમાનિત કરીને દુર કરવામાં આવ્યા છે તે બાબત યોગ્ય નથી. દલિત હોવાના કારણે તેમને અધ્યક્ષપદેથી દુર કરવામાં આવ્યા છે. તેમની બે પેઢી કોંગ્રેસને મજબુત કરવા માટે કામ કરી ચુકી છે. તેમના માટે અપમાનજનક બાબત રહી છે.

આમને-સામને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂકવી રહ્યાં તે સેક્ટરને ટેક્સ શ્રેણીમાં લાવવામાં આવી રહ્યાં છે. લાંબા ગાળે ટેક્સ કલેક્શન વધશે અને રાજ્યો માટે વધુ સંસાધન ઉપલબ્ધ થશે.અર્થવ્યવસ્થામાં સુધાર થશે અને જીડીપી દર વધશે. હવે તમામ ટ્રાન્ઝેક્શન ડિજિટલ થઈ ગયા છે.

બીજી બાજુ ફરી એકવાર ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિન્હાએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લેખમાં મોદી સરકારની આર્થિક નીતિઓને આડે હાથ લીધા બાદ આજે ફરીથી યશવંત સિન્હાએ મોદી સરકાર પર નિશાન સાધ્યું. સિન્હાએ કહ્યું કે ગત દોઢ વર્ષથી અર્થવ્યવસ્થા સતત કથળી રહી છે અને આ માટે ગત સરકારોને જવાબદાર ઠેરવી શકાય નહીં. તેમણે કહ્યું કે ૪૦ મહિના સરકારમાં રહ્યાં બાદ આપણે ગત સરકારો પર દોષનો ટોપલો ઢોળી શકીએ નહીં. યશવંત સિન્હાએ કહ્યું કે યુપીએના સમયમાં પોલીસી પેરાલિસિસ હતો અને આશા હતી કે મોદી સરકાર આવ્યાં બાદ તે ખતમ થશે. અમે થોડું આગળ વધ્યાં પરંતુ જે ગતિ હોવી જોઈતી હતી તે જોવા ન મળી. સતત કથળી રહેલી અર્થવ્યવસ્થાથી બેરોજગારી વધી છે. તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા એક વર્ષથી તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે સમય માંગી રહ્યાં છે પરંતુ હજુ સુધી મળ્યો નથી.

બેંકોના ફસાયેલા નાણા પર ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે 'બેંકોના ૮ લાખ કરોડ રૂપિયા ફસાયેલા છે. એનપીએના કારણે બેંકોએ કરજ આપવાનું બંધ કરી દીધુ જેનાથી ખાનગી રોકાણ થતું નથી. એનપીએને કાબુમાં કરવાની જરૂર છે પરંતુ હજુ સુધી સરકારે આ દિશામાં કશું ખાસ કર્યુ નથી. ૪૦ મોટી કંપનીઓ વિરુદ્ધ દેવાળીયાપણાની પ્રક્રિયા ચાલી રહી છે. બેંકોની હાલતમાં સુધારનો ઈન્તેજાર હતો, જેનો હજુ પણ ઈન્તેજાર છે.'

સિન્હાએ નોટબંધી અને જીએસટીના ટાઈમિંગ પર સવાલ ઉઠાવતા કહ્યું કે 'લોકો હજુ એક ઝટકાથી બહાર નહતા આવ્યાં કે તેમને બીજો ઝટકો આપી દેવાયો. સિન્હાએ કહ્યું કે દોઢ વર્ષથી અર્થવ્યવસ્થાની ગતિ ધીમી છે.. છેલ્લા ૬ ત્રિમાસિકથી અર્થવ્યવસ્થામાં સતત મંદી જોવા મળી રહી છે, આ દરમિયાન નોટબંધી કરાઈ, કથળતી અર્થવ્યવસ્થા વખતે નોટબંધી કરવા જેવી નહતી. નવેમ્બરમાં નોટબંધી કરાઈ, લોકો હજુ તેના ઝટકાથી બહાર નહતાં આવ્યાં કે જુલાઈમાં જીએસટી લાવી દેવાયું. બની શકે કે નોટબંધીથી આગળ સારા પરિણામો આવત પરંતુ સરકારે તેની તાત્કાલિક અસરોનો અભ્યાસ કરવો જોઈએ.'

પૂર્વ નાણામંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા યશવંત સિન્હાએ કહ્યું કે જીએસટીનું જો કોઈએ સૌથી વધુ મૌખિક સમર્થન કર્યુ હોય તો તે હું હતો પરંતુ તેને જે રીતે લાગુ કરવામાં આવ્યો તેનાથી બધી ગડબડી થઈ, નોટબંધીના ઝટકા બાદ જીએસટી તરીકે લોકોને વધુ એક ઝટકો અપાયો.